| ગાંધીનગર તાપમાન | |
|---|---|
| મહત્તમ : | ૩૪.૦ ડીગ્રી |
| લઘુતમ : | ૧૬.૭ ડીગ્રી |
| ભેજ | સવારે ૬૪ ટકા ● સાંજે ૫૪ ટકા |

# શહેરમાં આયુર્વેદિક કાવા-ગરમ સુપનું વેચાણ વધ્યું

## પુનિત વન અને સરિતા ઉદ્યાન ખાતે ફોરેવર ડાયટના ગરમાગરમ સુપ હોટ ફેવરિટ બન્યા : દુધી, સરગવા સુપ, બીટ-ગાજર જેવા સ્વાસ્થ્યવર્ધક સુપ ઓન ડીમાન્ડ




ગાંધીનગર, તા.૯

શહેરભરમાં ગુલાબી ઠંડીની હાલ શરૂઆત થઈ ગઈ છે ત્યારે શહેરીજનો ઠંડી સામે રક્ષણ મેળવવા માટે આયુર્વેદિક કાવા, ગુરમ સુપ પીવાનું વધુ પસંદ કરી રહયા છે. જેમાં બાળકો, યુવાનો, સીનીયર સીટીઝનો રાત્રીના સમયે શિયાળાની ગુલાબી ઠંડીની બચવા માટે કાવો પીવા પરિવાર સાથે બહાર નીકળી રહયા છે અને વહેલી સવારે ગરમાગરમ સુપ પીતા જોવા મળી રહયા છે. ગાંધીનગરમાં સરિતા ઉદ્યાન અને સેન્ટ્રલ વિસ્ટા ખાતે કાવો, ગરમાગરમ સુપનું વિતરણ થઈ રહયું છે. ગાજર બીટનુ સુપ, કારેલાનું સુપ, દુધીનું સુપ, ફણગાવેલા કઠોડનું સુપ વગેરે જે શિયાળામાં સ્વાસ્થ્ય માટે ખુબજ ફાયદાકારક સાબિત થાય છે. શહેરીજનો વહેલી સવારે વોકીંગ યોગ, સાયકલીંગ માટે નીકળે છે અને આ ગરમાગરમ સુપનો આનંદ માણી રહયા છે. શિયાળામાં કાવાનું ઠંડી સામે રક્ષણ મેળવવા સેવન કરવામાં આવે છે જે પીવાથી ઠંડીથી રાહત મળે છે. ઠંડીની હાલમાં શરૂઆત થઈ ગઈ છે ત્યારે લોકો આયુર્વેદ અને દેશી ઓસડીયાઓ તરફ ફર્યા છે. લોકપ્રિય કાવો આયુર્વેદિક મીકસ મસાલાથી ભરપુર ઉકાળીને બનાવવામાં આવે છે. શરદી, ઉધરસ, કફ, ગેસ, અપચો જેવા રોગ માટે કાવો ઘણો ફાયદાકારક ગણવામાં આવે છે. આ કાવામાં ૨૦ જેટલા આયુર્વેદિક મસાલા જેમાં બુંદદાણા, આદુરસ, સંચળ, સુંઠ પાવડર વગેરે ઉકાળીને તેને લીંબુ મસાલા સાથે મીકસ કરીને બનાવવામાં આવે છે.

શહેરમાં લીલી શાકભાજીની ભરપુર આવક થઈ છે ત્યારે શહેરમાં જાણીતા ફોરેવર ડાયટ સુપનો વ્યવસાય કરતાં પંકજભાઈ પ્રજાપતિ જેઓ ગાંધીનગરમાં પુનિતવન અને સરિતાઉદ્યાન ખાતે વિવિધ ગરમાગરમ સુપનું વેચાણ કરી રહયા છે જેમાં દુધી, સરગવા, બીટ ગાજર, ટામેટા, પાલક-ચણા-મગ , કારેલા સુપ, ઉકાળો, કાઢા, આમળા જયુસ, ગ્રીન જયુસ, ઘઉંના જવારા, મસાલા ચણા, અંકુરિત મગ જેવી પૌષ્ટીક વસ્તુઓ બનાવે છે.

વહેલી સવારે સાત વાગ્યાથી ૮.૩૦ વાગ્યા સુધી આ બે શાખામાં સુપનું વેચાણ કરવામાં આવે છે. જેનો શહેરીજનો પણ ખુબ લાભ લે છે. ઘણા લોકો ઘરે પણ પેક કરાવીને લઈ જાય છે. આ સ્વાસ્થ્યવર્ધક સુપ ડાયાબીટીસના દર્દીઓ માટે અસરકારક નીવડે છે.

## જન્મદિને વધામણી



અર્પિત પારેજિયા
મો. ૬૩૫૫૫૪૪૫૫૨૭




મિત બિપીનકુમાર સોલંકી
મો. ૯૪૨૬૨ ૭૨૦૯૯



નક્ષ રમેશભાઈ પટેલ

## પારસમણિ "રંગબેરંગી રંગોળી" સ્પર્ધાનો ઈનામ વિતરણ સમારોહ આયોજિત થયો



ગાંધીનગર, તા.૯

પારસમણિ ફાઉન્ડેશન દ્વારા પારસમણિ રંગબેરંગી રંગોળી સ્પર્ધા - ૨૦૨૨નું આયોજન કરવામાં આવ્યું હતું. ભારતીય પરંપરા અને સંસ્કૃતિના પ્રતીક સમાન રંગોળી એ ઘર આંગણાની શોભા છે. પારસમણિ રંગોળી સ્પર્ધા છેલ્લા ચાર વર્ષથી આયોજિત કરવામાં આવે છે. આ રંગોળી સ્પર્ધામાં આ વખતે ગાંધીનગર અને ગુજરાતના વિવિધ શહેર અને છેક અમેરિકાથી સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ રંગોળી સ્પર્ધામાં ૬૨ જણાએ ભાગ લીધો હતો. દેવ દિવાળીના રોજ સ્વામિનારાયણ ગુરુકુળ હાઈસ્કૂલ હોલ ખાતે જાહેર કાર્યક્રમમાં પારસમણિ રંગોળી સ્પર્ધાના વિજેતાઓને ટ્રોફી, પ્રમાણપત્ર અને મોમેન્ટો આપી જાહેર સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત દિપ પ્રાગટય અને અનન્યાએ પ્રસ્તુત કરેલી પ્રાર્થનાથી થઈ હતી. પારસમણિ રંગોળી સ્પર્ધા પ્રથમ વિભાગના વિજેતાઓમાં પ્રથમ નિયાશી પરમાર દ્વિતીય શૌર્ય કડિયા અને તૃતીય દિયા પરમાર બીજા વિભાગમાં પ્રથમ ધારા પારેખ, દ્વિતીય મિલ્સી કાપડિયા અને તૃતીય સ્તુતિ ઓઝા, તૃતીય વિભાગમાં પ્રથમ ઝુકી પટેલ, દ્વિતિય લિપિ ઓઝા અને રૂચી લતાડ તૃતીય મહેક દેસાઈ ઝાલા અને પ્રિયંકા ગુપ્તા જ્યારે ચોથા વિભાગમાં પ્રથમ હર્ષા પ્રજાપતિ, દ્વિતીય પારૂલ મહેતા અને તૃતીય પારૂલ પટેલને ઈનામ પ્રાપ્ત થયું હતું. જ્યારે સ્પેશિયલ પ્રાઈઝ શ્રીજા પટેલ અને દેવિના પટેલને આપવામાં આવ્યું હતું. પારસમણિ ફાઉન્ડેશનના અધ્યક્ષ સંજય થોરાતે આ રંગોળી સ્પર્ધાનું આયોજન કર્યું હતું. વિજેતાને પૂર્વ મેયર શ્રીમતી રીટાબહેન પટેલ, જાણીતા ગાયનેકોલોજીસ્ટ ડૉ. નીતાબહેન શેખાત, જાણીતા ધારાશાસ્ત્રી ડૉ. અશ્વિન ત્રિવેદી, પારસમણિ ફાઉન્ડેશનના ઉપાધ્યક્ષ રિદ્ધિ થોરાત અને જાણીતા ડેન્ટિસ્ટ ડૉ. પૌલમી પરમારના હસ્તે ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું ઉત્તમ સંચાલન સંજય થોરાતે કર્યું હતું. વિજેતા સભ્યોએ એમની રંગોળીની વાતો કરી હતી. વિશેષ આમંત્રિત સેક્શન ઓફિસર કુણાલ ગઢવીએ રંગોળીના રંગોની વાત કરી હતી. પારસમણિ રંગોળી સ્પર્ધામાં ૪ વર્ષની છોકરીથી લઈને ૬૫ વર્ષ સુધીની મહિલાઓએ ભાગ લીધો હતો. શ્રીજી ગોલ્ડ અને સિલ્વર, પ્રિમિયમ રેસ્ટોરન્ટ રસ્ટીક રેઝ, રિદ્ધિ કેક બાલ્કની, વત્સલ વોરા, અશ્વિન ત્રિવેદી દ્વારા ઈનામો આપવામાં આવ્યા હતા. આ રંગોળીનું પ્રદર્શન કો-ઓર્ડીનેટર રિદ્ધિ થોરાત દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા રૂપિન શાહ, કુંતલભાઈ નિમાવત અને ડો. પૌલમી પરમારે મહેનત કરી હતી.

## ભાજપ યુવા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ અમદાવાદની મુલાકાતે



આજ રોજ અમદાવાદ ખાતે ઈલેક્શન અંતર્ગત અગ્રેસર ગુજરાત કેમ્પેઈન માટે ભાજપ યુવા મોરચા ના રાષ્ટ્રીય અધ્યક્ષ તેજસ્વી સૂર્યા તેમજ ગુજરાત પ્રદેશ યુવા મોરચા પ્રમુખ પ્રશાંત કોરાટ અમદાવાદ ખાતે સુપ્રસિધ્ધ જગદીશ મંદિર, ભદ્રકાળી મંદિર ખાતે દર્શઁન કરી પ્રચારનો પ્રારંભ કયો હતો આ કાર્યક્રમ જમાલપુર વોર્ડ પ્રમુખ પુરુષોત્તમ ચાવડા યુવા મોરચાના અનિલ મિશ્રા તેમજ વોર્ડના કાર્યઁકતાઓ મોટી સંખ્યામા હાજર રહ્યા હતા.

## શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ૧૦૯ લાભાર્થીને શાલનુ વિતરણ




ગાંધીનગર, તા. ૯

દેવ ઉઠી અગીયારસના પછીના દિવસે શનિવારે શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ૧૦૯ લાભાર્થીને વિવિધ વસ્તુ આપવામાં આવી હતી. પ્રત્યેકને ૩ કીગ્રા ચોખા, ગરમ શાલ તથા પગના મોજા આપ્યા હતા. અમુકને દવા પણ આપી હતી. સેવાકાર્યમાં ડૉ. સંગીતા ઘાટે, મિલિન્દ ગુપ્તે, સમર્થ ઘાટે તથા દિનેશભાઈ હતા. શોભાયડા, સુનોક, ગડાદર તથા ખારી મુકામે આ કાર્ય કરવામાં આવ્યુ હતુ. શાલ અને મોજા ડૉ. ભારતી રાવલ અને ડૉ. સંગીતા ઘાટે તરફથી પ્રાપ્ત થયા હતા.

## રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૨૦ અંતર્ગત ત્રિ-દિવસીય નિવાસી તાલીમ યોજાઈ



ગાંધીનગર, તા.૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત કડી અને ગાંધીનગરની ગુજરાતી માધ્યમની સાત શાળાઓના ૨૨૦ જેટલા શિક્ષકોની 'રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૨૦'ના વર્ગખંડમાં અમલ કરવાના સંદર્ભમાં ત્રિ-દિવસીય નિવાસી તાલીમ SVKM ગુજ. માધ્યમના ડાયરેકટર પ્રો. ડૉ. વીણાબેન પટેલના માર્ગદર્શનમાં યોજાઈ હતી. તા. ૦૫ થી ૦૭ નવેમ્બર, ૨૦૨૨ના રોજ આ શિક્ષક-તાલીમ સેકટર-૧૫ મુકામે યોજાઈ હતી. પ્રથમ દિવસે પરિચય કેળવવાથી પ્રવૃત્તિ આધારિત પ્રશિક્ષણની શરૂઆત થઈ હતી ત્યારબાદ ક્રમશઃ રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૨૦ના વિવિધ મુદ્દાઓને વર્ગશિક્ષણમાં અમલમાં મૂકવા શિક્ષકોના જૂથ પાડીને કામગીરી કરવામાં આવી હતી. બીજા દિવસની સવારે શિક્ષકોએ કેટલીક રમતો રમી તેમાં શિક્ષણની પદ્ધતિઓને સમજ વધારતી પ્રવૃત્તિમાં ભાગ લીધો. ત્યારબાદ રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૨૦ના મુખ્ય મુદ્દાઓની સૈદ્ધાંતિક ચર્ચા થઈ હતી. શિક્ષકોના સમૂહને ૧૦ પેટાજૂથમાં વહેંચી લર્નિંગ સ્ટેશન આધારિત પ્રવૃત્તિ કરાવવામાં આવી હતી. આ લર્નિંગ સ્ટેશન આધારિત ગણિત, વિજ્ઞાન, ભાષા, પર્યાવરણ, મીડિયા જેવા વિષયો માટે પૂરતો સમય આપવામાં આવ્યો હતો. આ પ્રવૃત્તિની પ્રસ્તુતિ માટે જૂથને ૧૦ મિનિટ આપવામાં આવી હતી. વિવિધ વિષયોનું સંકલન, આઈસીટીનો સમન્વય, ભારતીય જ્ઞાન પરંપરાનો સમાવેશ વગેરે બાબતોને ધ્યાનમાં રાખી તમામ શિક્ષકોએ ખૂબ સુંદર પ્રસ્તુતિ કરવામાં આવી હતી. ત્રીજા દિવસે સવારે જીસીઈઆરટીના પૂર્વ નિયામક ટી.એસ. જોષી સાહેબના તજ્જ્ઞીય જ્ઞાનનો લાભ મળ્યો હતો. અંતિમ દિવસે જોષી સાહેબે શિક્ષકોએ પ્રથમ બે દિવસમાં કરેલી પ્રવૃત્તિઓનું રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૨૦ સાથે સંકલન સાધી આપ્યું હતું. ત્યારબાદ શિક્ષકોએ કરેલ પ્રવૃત્તિઓનું સમાયોજન કરાવડાવવા માટેની પ્રવૃત્તિ હાથ ધરાઈ હતી. તાલીમના અંતિમ ભાગમાં અધ્યયન-શૈલી અને અધ્યયન પિરામીડ વિશે ચર્ચા થઈ હતી. તાલીમના સમાપન સમારંભમાં SVKM, કડી અને ગાંધીનગરના ચેરમેન અને KSVના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ એમ. પટેલ હાજર રહી શિક્ષકોને પ્રાસંગિક અને પ્રેરક ઉદ્‌બોધન આપ્યું હતું. ચેરમેને જણાવ્યું હતુ કે શાળાના શિક્ષકોએ સતત અપડેટ થતા રહેવું પડે. રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૨૦ના અમલીકરણમાં પણ આપણી સંસ્થા અગ્રેસર રહે તે હેતુથી આ તાલીમ યોજાઈ હતી. આ તાલીમમાં પાર્થેશભાઈ, શિવાનીબેન, અમિતભાઈ, અરબાઝભાઈ, વિદુષીબેન, હેપ્પીબેને તાલીમ આપવાની જવાબદારી નિભાવી હતી અને આ સમગ્ર તાલીમનું સંચાલન ડૉ. અજય રાવલે કર્યું હતું.

# શહેરમાં ગટર ઉભરાવાની સમસ્યાઓમાં વધારો

## ક-૭ ગ્રીનસીટીમાં ગટર ઉભરાવાથી ઠેરઠેર પાણી જ પાણી !



ગાંધીનગર, તા.૯

શહેરમાં એક તરફ વિધાનસભાની ચૂંટણીની તડામાર તૈયારીઓ થઈ રહી છે અને બીજી તરફ સત્તાપક્ષની કામગીરીની પોલ ખુલી રહી છે. શહેરમાં રોજબરોજ વધતી જતી ગટરની સમસ્યાઓ બંધ થવાનું નામ લેતી જ નથી. શહેરમાં દૈનક ગટરો ઉભરાવવાની સમસ્યાઓ આંખે આવે છે. તંત્ર દ્વારા ગટરોની સમસ્યાનું નિરાકરણ ન લાવવામાં આવતાં વસાહતીઓને પારાવાર મુશ્કેલી પડી રહી છે.

શહેરમાં તાજેતરમાં ક-૭ ગ્રીનસીટી ખાતે ગટર ઉભરાતાં ઠેરઠેર પાણી ફરી વળ્યું છે અને ગંદકી સહિત અસહય દુર્ગંધ ફેલાઈ રહી છે. રહીશો દ્વારા ફરીયાદો કરવામાં આવી રહી છે. પરંતુ હજી કોઈ નિવેડો આવ્યો નથી. શહેરમાં વારંવાર ગટરો ઉભરાવવાની સમસ્યાઓ ઉભી થાય છે અને ગટરના પાણી ભરાવાથી વાહકજન્ય રોગો ફેલાવવાની ભીતી ઉભી થાય છે. હાલમાં ચોમાસાની બાય બાય થયા બાદ શિયાળાની મોસમમાં મચ્છરજન્ય રોગો પણ વધી રહયા છે. શહેરમાં રહેણાંક વિસ્તારની આસપાસ રહેલી ગંદકીના કારણે મચ્છરોનો ઉપદ્રવ વધવા પામ્યો છે. આ અગાઉ જીઆઈડીસી વિસ્તારમાં ગંદકીના થર જોવા મળતા હતા. આમ ગાંધીનગરમાં ગટર ઉભરાવવાના કારણે ગંદકીનું સામ્રાજય સર્જાતુ આવ્યું છે. લોકોને સ્થાનિક સમસ્યાઓમાં લાંબા સમય સુધી નિવેડો લાવવામાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહયો છે.

શહેરમાં વિરોધપક્ષનો મસમોટા મુદ્દાઓ મળી રહે તેવી હાલની સ્થિતિ છે. ગટરની સમસ્યા, સાફસફાઈની સમસ્યા, પીવાના પાણીની સમસ્યા સહિત વિવિધ સમસયાઓ યથાવત્‌ છે. શહેરમાં ચોમાસા અગાઉ ઠેરઠેર ગટર લાઈનો માટે ખોદકામ કરાયું હતું. નવી લાઈનો નાંખવામાં આવી છે. નવીનીકરણ પાછળ અઢળક પૈસા ખર્ચાઈ રહયા છે તેમ છતાં શહેરના નાગરિકોને નાની-મોટી સમસ્યાઓનો સામનો કરવાનો વારો આવ્યો છે.

શિયાળાની મોસમમાં શરદી, ખાંસી, તાવ જેવી બિમારી વધવા પામી છે. જેમાં પાણીજન્ય રોગચાળો વકરવાનો ભય આ ગટરના પાણીનો ભરવો ફેલાવી રહયો છે. તેથી શહેરમાં ગટર ઉભરાવવાની સમસ્યાનો તાત્કાલિક ધોરણે નિકાલ થાય તેવી યોગ્ય કાર્યવાહી થાય તેવી લોકમાંગણી ઉઠી છે.

## જ્યોતિ મહિલા મંડળના સ્થાપક પ્રમુખ લતાબેન ચોકસીનો શ્રધ્ધાંજલિ કાર્યક્રમ

ગાંધીનગર, તા.૯

જ્યોતિ મહિલા મંડળ, ગાંધીનગરના સ્થાપક પ્રમુખ લતાબેન ચોકસીનું વલસાડ ખાતે ૮૯ વર્ષની ઉંમરે દુઃખદ અવસાન થયું છે. નગરની અનેક સેવાકીય પ્રવૃત્તિઓમાં સક્રિય યોગદાન આપી અને નગરને ઉમદા વ્યક્તિત્વની ના પુરાય તેવી ખોટ પડી છે. જ્યોતિ મહિલા મંડળ, ગાંધીનગર દ્વારા ભજન-કીર્તન તેમજ હૃદયાંજલીનો કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે નગરની મહિલા સામાજિક, સેવાકીય, સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રમુખ તેમજ હોદ્દેદારોને ઊપસ્થિત રહેવા નમ્ર અનુરોધ છે. રાધાકૃષ્ણ મંડળ સેકટર ૫/એ દ્વારા ભજન-કિર્તન રજુ કરવામાં આવશે. તા. ૧૧/૧૧/૨૦૨૨ ના રોજ બપોરે ૩:૦૦ કલાકે પંચમુખી મહાદેવ, સેક્ટર-૫ /એ, (પ્રેરણા સ્કૂલની સામે) આ કાર્યક્રમ યોજાશે.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ.પરમાર નાગરભાઈ ભીખાભાઈ** ઉ.વ.૭૪, સેકટર-૨૪
- **સ્વ.ગજ્જર ભાનુબેન રમણભાઈ** ઉ.વ.૬૫, રાંધેજા
- **સ્વ.પટેલ મણીબેન પ્રહલાદભાઈ** ઉ.વ.૭૭, માણેકપુર માણસા
- **સ્વ.વાઘેલા કિશનભાઈ છનાભાઈ** ઉ.વ.૫૨, પાલજ
- **સ્વ.ભટ્ટ દીલીપકુમાર નાગેશ્વર** ઉ.વ.૬૮, જીઆઈડીસી,સે-૨૮

● રૂદ્રભુમિ ●

- **સ્વ.ગુપ્તા આલોકકુમાર ગુરૂદેવલાલ** ઉ.વ.૬૭, સુઘડ